દીવાલ માં તિરાડ

કાળા છાત્રો નો સંઘર્ષ

ઈલીન લુકાસ

ચિત્ર : માર્ક એન્થની





દીવાલ માં તિરાડ

કાળા છાત્રો નો સંઘર્ષ

ઈલીન લુકાસ

ચિત્ર : માર્ક એન્થની

લેખક ની નોંધ

થોડા વર્ષો પૂર્વે સુધી, કાયદાએ ઘણા સ્થાનો પર કાળા અને ગોરા અમેરિકનો ને અલગ-અલગ રાખ્યા હતા. એને "સેગ્રીગેશન" અથવા "રંગ-ભેદ" કહેવામાં આવતું હતું. પ્રતીક્ષાલયો અને પાણી પીવાના નળ, બસ અને હોટેલો "કેવળ ગોરા" માટે હતા. "કેવળ કાળા" વાળા સંકેત કાળા લોકો ને નાના, ગંદા સ્થાનો તરફ મોકલતા હતા. ગોરા અને કાળા બાળકો માટે અલગ-અલગ સ્કૂલ હતી. કાળા બાળકો ની સ્કૂલ હંમેશા જૂની અને નાની હતી. કાળા બાળકો ને એ પુસ્તકો વાપરવા પડતા હતા જે ગોરા બાળકો ની સ્કૂલવાળા ચાહતા ન હતા.

1954 માં, અમેરિકા ના સર્વોચ્ચ ન્યાયાલયે કહ્યું કે "રંગ-ભેદ" ને કારણે અલગ-અલગ સ્કૂલ અયોગ્ય હતી. બાળકો ને અલગ ન રાખી શકાય અને ફક્ત એની ત્વચા ના રંગ ને લીધે બાળકો ને સારી શિક્ષા થી વંચિત ન રાખી શકાય.

1957 માં, લિટ્લ રોક, અર્કન્સા માં , નવ કાળા છાત્રો ને ગોરા બાળકો ની હાઈસ્કૂલ સેન્ટ્રલ હાઈ માં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. એ "લિટ્લ રોક નાઈન" ના નામ થી જાણીતા થયા. આ એ કાળા બાળકો ની વાર્તા છે.



લિટ્લ રોક, અર્કન્સા માં એક ગાડી ધીરે-ધીરે એક શાંત રસ્તા પર આગળ વધી.

જે ઘર ની તલાશ હતી એ જયારે ડ્રાઈવરે જોયું, તો એણે ગાડી ધીમી કરી.

એ એલ. સી. અને ડેસી બેટ્સ નું ઘર હતું.

એ પાસેના શહેર માં આફ્રિકી-અમેરિકી સમાચારપત્ર ના માલિક હતા.

અચાનક ગાડી ની અંદર થી કોઈએ પથ્થર ફેંક્યો.

એનાથી બેટ્સ ના ઘર ના આગળ ના ભાગ ની બારી નો કાંચ તૂટી ગયો.

કાંચ તૂટવાના અવાજ થી કૂતરા ભસવા લાગ્યા અને બાળકો રડવા લાગ્યા.

અને ગાડી માં સવાર લોકો હસતા-હસતા તેજી થી દૂર ચાલ્યા ગયા.

પણ ઘર ની અંદર કોઈ હસ્યું નહીં.

પથ્થર ડેસી બેટ્સ ને લગભગ લાગી જાત, કારણકે એ સોફા પર બેઠી હતી.

એણે જમીન પર પડેલા કાંચ ના ટૂકડા જોયા.

એ જાણતી હતી કે પથ્થર ફેંકવાવાળા એને ડરાવવા ચાહતા હતા.

એ ચાહતા હતા કે ડેસી એ કાળા છાત્રો ની મદદ કરવાનું બંધ કરે જે સેન્ટ્રલ હાઈ સ્કૂલ માં જવાના હતા.

પણ એ ડરી નહીં.

એ પેલા છાત્રો ની મદદ કરવા ચાહતી હતી, અને "રંગ-ભેદ" ના કાયદાઓ ને સમાપ્ત કરવાની કોશિશ કરવાની હતી, જે કાળા અને ગોરાઓ ને અલગ રાખતા હતા.






સેન્ટ્રલ હાઈ એક બહુ મોટી સ્કૂલ હતી.

એનું ક્ષેત્રફળ શહેર ના એક આખા બ્લોક જેટલું હતું.

સ્કૂલ માં પાંચ માળ પર વર્ગખંડ હતા અને બે હજાર થી વધુ છાત્રો હતા.

હવે એમાંથી નવ છાત્રો કાળા હશે.



એમાંથી એક અર્નેસ્ટ ગ્રીન હતો.

આ એના હાઈ સ્કૂલ નું છેલ્લું વર્ષ હતું.

એ સેન્ટ્રલ થી સ્નાતક થઈ ને કોલેજ જવા ચાહતો હતો.



અન્ય છ છાત્રો અગિયારમી કક્ષા માં હતા.

મિનિજિન બ્રાઉન એક મજેદાર છોકરી હતી.

એને લોકો ને હસાવવા ગમતું હતું.

એને ગાવાનું પણ પસંદ હતું.



ટેરેન્સ રોબર્ટ્સ હસમુખો અને ચાલાક હતો.

એની પાસે હંમેશા કહેવા માટે એવી વાતો હતી જે સાંભળી ને લોકો સ્મિત કરતા.

એલિઝાબેથ એકફોર્ડ ને સીવણકામ પસંદ હતું.

સ્કૂલ શરુ થવાની રાહ જોતા, એણે પોતાને માટે એક નવો પહેરવેશ સીવ્યો હતો.



થેલ્મા મધરશેડ નાની અને પાતળી હતી અને એનું દિલ નબળું હતું.

પણ એનું મગજ બહુ તેજ હતું.

ગ્લોરિયા રે ચુપચાપ એ વસ્તુઓ વિષે વાત કરતી હતી જે એને માટે મહત્વપૂર્ણ હતી.



મેલબા પટીલો સુંદર હતી અને ઘણી વસ્તુઓ માં સારું પ્રદર્શન કર્યું હતું.

એને ખબર હતી કે સેન્ટ્રલ માં "પાંચ માળ ની તક" એની પ્રતીક્ષા કરી રહી હતી.



જેફર્સન થોમસ અને કાર્લોટા વોલ્સ, દસમા વર્ગ માં હતા.

જેફ એની જૂની સ્કૂલ ના સૌથી તેજ દોડવીરો માં થી એક હતો.

કાર્લોટા છાત્ર પરિષદ માં હતી.

બધા નવ છાત્રો નો વ્યવહાર સારો હતો અને એ મહેનતી હતા.

એ બધા સેન્ટ્રલ હાઈ સ્કૂલ માં જવા માટે ઉત્સાહિત હતા.

એ જાણતા હતા કે એમને ત્યાં સ્કૂલ ની ટીમ અને ક્લબો માં સામેલ થવાની અનુમતિ નહીં મળે.

મિનિજિન, સંગીત કલબ માં ગાય નહીં શકે.

જેફ, દોડ ની ટીમ માં સામેલ નહીં થઈ શકે.

અર્નેસ્ટ, બેન્ડ માં પોતાનું સાક્સોફોન વગાડી નહીં શકે.

કાળા છાત્રો કેવળ કક્ષા માં જઈ શકતા હતા.

"પણ એ પણ એક મોટી વાત થશે," અર્નેસ્ટે એના બીજા મિત્રો ને પ્રોત્સાહિત કરવા કહ્યું.



દક્ષિણ ના ઘણા ગોરા લોકો "રંગ-ભેદ" નો

અંત ચાહતા ન હતા.

એ કાળા બાળકો ને, ગોરા બાળકો સાથે,

સ્કૂલ માં જોવા ચાહતા ન હતા.

એમાંથી થોડા ગોરા એ વિષે ચર્ચા કરવા અર્કેન્સા

ના ગવર્નર ઓરવલ ફોબસ પાસે ગયા.



મજદૂર દિવસ પર ઓરવલ ફોબસે રેડિયો અને

ટીવી પર એનો સંદેશો સંભળાવ્યો.

એણે કહ્યું કે સેન્ટ્રલ હાઈ સ્કૂલ ની બહાર સૈનિકો

તૈયાર હશે.

એણે એ પણ કહ્યું કે કાળા છાત્રો સેન્ટ્રલ હાઈ

માં ન જાય.

"જો, ગવર્નર આપણી મુશ્કેલી વધારી રહ્યો છે,"

મેલબા ની દાદી એ કહ્યું.



મેલબા ની દાદી સાચી હતી.

બીજે દિવસે સવારે સેન્ટ્રલ હાઈ સ્કૂલ ની સામે

લોકો ની ભીડ જમા થઈ ગઈ.

મકાન ની ચારે બાજુ હેલ્મેટ અને બંદૂક સાથે
સૈનિકો ચુપચાપ ઉભા હતા.

એવું લાગી રહ્યું હતું જાણે એ યુદ્ધ માટે તૈયાર હતા.

શું સેન્ટ્રલ હાઈ સ્કૂલ માં લડાઈ થશે?

એ દિવસે ફક્ત ગોરા છાત્રો સેન્ટ્રલ આવ્યા હતા.

કાળા છાત્રો પોતપોતાના ઘર માં જ રહ્યા.

એ કોઈ મુસીબત ઉભી કરવા ચાહતા ન હતા.

પણ એ સારું શિક્ષણ ચાહતા હતા.

અને હવે સેન્ટ્રલ હાઈ ને, કાળા છાત્રો માટે ની
સ્કૂલ પણ માનવામાં આવી હતી.

એ રાતે, મિસિસ બેટ્સે એલિઝાબેથ ને

છોડી ને બાકી બધા છાત્રો ને ફોન કર્યો.

એલિઝાબેથ ના પરિવાર પાસે ફોન ન હતો.

મિસિસ બેટ્સ બીજે દિવસે એલિઝાબેથ ના

ઘરે જવાની કોશિશ કરશે.

એણે બાકી છાત્રો ને સવારે સેન્ટ્રલ સ્કૂલ થી

થોડા બ્લોક દૂર મળવા માટે કહ્યું.

પછી તેઓ સાથે-સાથે સ્કૂલ જશે.

બુધવાર ની સવારે, નવ માં થી સાત છાત્રો યોજના

અનુસાર મળ્યા.

એની આગળ બે ચર્ચ ના પૂજારી ચાલ્યા.

એમાંથી એક ગોરો હતો, અને એક કાળો.

બે પૂજારી એની પાછળ-પાછળ ચાલ્યા.





જેવા કાળા છાત્રો સ્કૂલ પાસે પહોંચ્યા,

એમણે લોકો ની ભીડ જોઈ.

ભીડ ના મોઢા પર ક્રોધ અને ધૃણા હતી.

લોકો એમના પર બૂમબરાડા પાડી રહ્યા હતા

અને એને ગાળ આપી રહ્યા હતા.

છાત્રો તો પણ ચાલતા રહ્યા.

છાત્રો જયારે સૈનિકો પાસે પહોંચ્યા તો એને

ઘરે જવાનું કહેવામાં આવ્યું.

છાત્રો ને જણાવવામાં આવ્યું કે એ સ્કૂલ ન


જઈ શકે.

દુઃખી થઈને છાત્રો પાછા ફર્યા અને ચાલ્યા ગયા.

મેલબા પટીલો હજી સભા સ્થાન પર પહુંચી ન હતી.

ગુસ્સે થયેલા ગોરા લોકોએ એને અને એની માઁ ને ત્યાંથી ભગાવી દીધા હતા.

એટલે માઁ-બેટી ને ઘરે પાછા ફરવું પડયું હતું.





એલિઝાબેથ એકફર્ડ માટે હાલત વધારે ખરાબ હતી.


એને બીજા સાથે ક્યાં મળવાનું છે એ સંદેશ મળ્યો ન હતો.

એના પરિવાર સાથે પ્રાર્થના કર્યા પછી, એ પોતે સ્કૂલ જવા માટે બસ માં સવાર થઈ.

જયારે એ બસ માં થી ઉતરી તો એને ફક્ત ગુસ્સે થયેલી ગોરી ભીડ જ દેખાઈ.

ત્યાં એને સ્કૂલ પાસે ઉભેલા સૈનિકો દેખાયા.

એણે વિચાર્યું કે સૈનિકો એની રક્ષા કરશે.



જેવી એલિઝાબેથ સૈનિકો પાસે ગઈ,

કોઈએ એના પોશાક પર શાહી ઉડાડી.


એક મહિલાએ એના મોઢા ની સામે જોરથી ચીસ પડી.

એલિઝાબેથે ઉશ્કેરાયેલા અવાજો ની અવગણના

કરવાની કોશિશ કરી.

એ એનો ડર દેખાડવા ચાહતી ન હતી.





આખરે એ સૈનિકો પાસે પહોંચી.

સૈનિકોએ એને આગળ જવા દેવા ને બદલે

એનો રસ્તો રોક્યો.

એમણે એની ઉપર પોતાની બંદૂક તાકી.


સૈનિક એના પક્ષ માં ન હતા.

તડકા ના ચશ્મા ની પાછળ, એલિઝાબેથ ની આંખો
માં આંસુ ઉભરાયા.

એ ફરી અને ત્યાંથી ચાલી ગઈ.

ભીડ ના લોકો એને ભીંસવા લાગ્યા.

કોઈએ બૂમ પાડી, "એને પકડો!"



એલિઝાબેથે થોડે દૂર સડક પર એક બસ સ્ટોપ જોયું.

એ ત્યાં ગઈ અને બેન્ચ પર બેસી ગઈ.


એની બાજુ માં એક દયાળુ માણસ બેઠો હતો.

"તું એ લોકો ને તું રડતી હોય એવું જોવા નહીં દેતી," એ માણસે ધીમા અવાજે કહ્યું.

જયારે બસ આવી ત્યારે એક મહિલા એલિઝાબેથ ની મદદ માટે આગળ આવી.

એ એલિઝાબેથ ને ત્યાં લઈ ગઈ જ્યાં

એની માઁ કામ કરતી હતી.



ત્રણ અઠવાડિયા માટે સૈનિકો અને ગુસ્સે ભરાયેલી ભીડે કાળા છાત્રો ને સેન્ટ્રલ હાઈ સ્કૂલ ની બહાર રાખ્યા.

છાત્રો ને એની સ્કૂલ નું કામ ડેસી બેટ્સ ના

ઘર પર જ કરવું પડયું.

એને માટે નવી સ્કૂલ છોડી ને એની જૂની સ્કૂલ માં પાછા જવું સરળ થાત.

પણ એ જાણતા હતા કે એ જે કરી રહ્યા હતા એ


સાચું હતું.


પછી એક દિવસ સૈનિકો ચાલ્યા ગયા.

"આગળ શું થશે?" એલિઝાબેથે પૂછ્યું.


"સ્કૂલ માટે તૈયાર થઈ જાઓ," મિસિસ બેટ્સે કહ્યું.

હંમેશ ની જેમ સેન્ટ્રલ હાઈ સ્કૂલ ના દરવાજા ની સામે લોકો ની ભીડ જમા થઈ હતી. પોલીસે કાળા છાત્રો ને બાજુ ના દરવાજા માં થી જવાનું કહ્યું, જ્યાં ભીડ એને જોઈ શકતી ન હતી.





અંદર, લોકો એ છાત્રો ને એના વર્ગ શોધવામાં મદદ કરી. થેલ્મા ની તબિયત સારી ન હતી. કોઈ એને ઓફિસ લઈ ગયું. પણ થેલ્મા ઘરે જવા ચાહતી ન હતી. એણે સ્કૂલ માં જવા માટે બહુ રાહ જોઇ હતી. "હું હવે હાર નહીં માનુ," એણે કહ્યું.



જયારે ટોળાં ને ખબર પડી કે કાળા છાત્રો અંદર ચાલ્યા ગયા છે, તો એ બહુ ગુસ્સે થયું.

એણે બહાર હાજર થોડા પત્રકારો ને પીટ્યા.

છાત્ર પોતાના વર્ગ માં બેઠા-બેઠા પત્રકારો ના પોકાર સાંભળી શક્યા.

પોલીસ પ્રમુખ ને ડર લાગ્યો કે ક્યાંક વધારે લોકો ને ઇજા ન થઈ જાય.

એણે કાળા છાત્રો ને ઘરે જવા કહ્યું.

સ્કૂલ ની નીચે એક ગેરેજ માં, કાળા છાત્રો પોલીસ ની ગાડીઓ માં સવાર થયા.

"નીચે બેસો અને નીચે જ રહો," પોલીસ પ્રમુખે છાત્રો ને કહ્યું.

"રસ્તા માં ક્યાંય ઉભા નહીં રહેતા," પોલીસ પ્રમુખે ડ્રાઈવરો ને કહ્યું.

ગાડીઓ ઝડપ થી નીકળી.

થોડા કલાક માટે કાળા છાત્રો સેન્ટ્રલ હાઈ માં રહ્યા.

પણ એને ત્યાં રહેવા દેવામાં ન આવ્યા.



દેશભર માં સમાચાર કાર્યક્રમો માં આ ઘટના

વિષે ચર્ચા થઈ.

એનાથી ઘણા અમેરિકી લોકો બહુ નારાજ
થયા.

તેઓએ છાત્રો ને પત્રો મોકલીને પોતાના

શહેરો ની સ્કૂલ માં આવવા માટે આમંત્રિત
કર્યા.

અમેરિકા ના રાષ્ટ્રપતિ ડવાઈટ આઈઝનહોવર પણ નારાજ
થયા.

એણે કહ્યું કે કોઈ પણ ભીડ અમેરિકા ના બાળકો ને સ્કૂલ

ની બહાર રાખી ન શકે.

એણે લિટ્લ રોક માં સૈનિકો નું એક નવું જૂથ

મોકલ્યું.

એનું કામ કાળા છાત્રો ને સેન્ટ્રલ હાઈ માં જવા દેવાનું હતું.



બીજે દિવસે યૂનાઈટેડ સ્ટેટ્સ આર્મી, લિટ્લ રોક પહોંચી.

બુધવાર ની સવારે, સૈનિકો એ મિસિસ બેટ્સ ના આગળ ના દરવાજા પર ટકોરા માર્યા.

"અમે છાત્રો માટે તૈયાર છીએ," એમણે કહ્યું.



એ દિવસે નવ છાત્રો સેના ની ગાડી માં સવાર થઈ ને સ્કૂલ ગયા.

ઉપર હેલિકોપ્ટર માં સૈનિકો હતા.

સૈનકો બધે હતા.


એ અર્નેસ્ટ અને એલિઝાબેથ અને અન્ય છાત્રો સાથે સ્કૂલ ના મુખ્ય દરવાજા માં થી અંદર દાખલ થયા.

મિનિજિને કહ્યું એ પછી એને એક "અમેરિકી" હોવા નો એહસાસ થયો.

અર્નેસ્ટે કહ્યું કે એને માટે એ બહુ મોટી વાત હતી.

"લિટ્ટલ રોક નાઈન" સેન્ટ્રલ હાઈ ના આગળ ના દરવાજા થી અંદર દાખલ થયા.

મેલબા એ પછી કહ્યું કે એ સમયે, "સમગ્ર દેશે એક મોટું પગલું આગળ ભર્યું."





સામેની પંક્તિ : થેલ્મા મધરશેડ,એલિઝાબેથ એકફોર્ડ, મેલબા પટીલો.

પાછળ ની પંક્તિ : જેફર્સન થોમસ, અર્નેસ્ટ ગ્રીન, મિનિજિન બ્રાઉન,

કાર્લોટા વોલ્સ, ટેરેન્સ રોબર્ટ્સ, ગ્લોરિયા રે.

અંત ના શબ્દો

થોડી વાર માટે સૈનિકો "લિટ્ટલ રોક નાઈન" સાથે એની કક્ષાઓ માં ગયા. મોટા ભાગ ના છાત્રોએ એની સાથે સારો વ્યવહાર કર્યો અથવા એના પર વધારે ધ્યાન ન આપ્યું. પણ થોડા એવા પણ હતા જે હજી પણ કાળા છાત્રો ના ત્યાં આવવાથી નારાજ હતા અને એ ગોરા છાત્રોએ એની સાથે બહુ ખરાબ વ્યવહાર કર્યો.

થોડા મહિના પછી, મોટા ભાગ ના સૈનિકો ચાલ્યા ગયા, અને ત્યારે હાલત વધારે વણસી. ગોરા છાત્રો એ કાળા છાત્રો ને ગાળ આપી. લન્ચ વખતે એની ઉપર ખાવાનું ફેંક્યું. એના પર પેન્સીલો ફેંકી. એને લાતો મારી અને એના પુસ્તકો ફેંકી દીધા.

આખરે પદવી મળવાનો દિવસ આવ્યો. અર્નેસ્ટ ગ્રીન, સેન્ટ્રલ હાઈ ની પદવી લેવાવાળો પહેલો કાળો છાત્ર બન્યો. પછી એણે કહ્યું, "મને ખબર હતી કે હું અહીં શું કરવા આવ્યો છું. મેં અહીં આવી ને દીવાલ માં તિરાડ પાડી."

એ હતી રંગ-ભેદ ની દીવાલ, એ દીવાલ જે કાળા અને ગોરા લોકો ને અલગ રાખતી હતી. અર્નેસ્ટ ગ્રીન અને આઠ અન્ય છાત્રો એ દીવાલ માં તિરાડ પાડવામાં મદદ કરી, એ બતાવી ને કે કાળા અને ગોરા બાળકો એક સાથે સ્કૂલ માં જઇ શકે છે.

પણ ગવર્નર ફોબસે હજી પણ એને યોગ્ય ન માન્યું. એણે કાળા અને ગોરા છાત્રો ને એક-સાથે રહેવા દેવા ને બદલે 1958-59 સ્કૂલ વર્ષ દરમ્યાન લિટ્ટલ રોક ની બધી પબ્લિક સ્કૂલો બંધ કરાવી દીધી. કાળા અને ગોરા છાત્રો ને શિક્ષા પ્રાપ્ત કરવા માટે અન્ય રસ્તા શોધવા પડયા. મેલબા એ એની સ્કૂલ નું આખરી વર્ષ કેલિફોર્નિયા માં વિતાવ્યું, અને મિનિજિન ન્યૂયોર્ક ચાલી ગઈ. જયારે લિટ્ટલ રોક સ્કૂલ 1959 ના પાનખર માં ફરી ખુલી, તો કાર્લોટા અને ટેરેન્સ સેન્ટ્રલ હાઈ સ્કૂલ માં પાછા આવ્યા. બાકી ના લોકો પોતાની જૂની સ્કૂલ માં જતા રહ્યા. એ બધા એ સ્નાતક ની ઉપાધિ પ્રાપ્ત કરી અને કોલેજ પછી પોત-પોતાની સફળ કારકિર્દી માં આગળ વધ્યા.

1987 માં, "લિટ્ટલ રોક નાઈન" સેન્ટ્રલ હાઈ સ્કૂલ ની મુલાકાત લેવા પાછા આવ્યા. આ વખતે એનું અભિનંદન કરવાવાળી ભીડે એને હીરો બનાવી ને ખૂબ અભિવાદન કર્યું. છાત્ર સંઘ નો અધ્યક્ષ એક યુવાન અશ્વેત માણસ હતો. લિટ્ટલ રોક ની મેયર પણ એક અશ્વેત મહિલા હતી.

"લિટ્ટલ રોક નાઈન" એ દીવાલ માં તિરાડ પાડવામાં મદદ કરી. હવે આ આપણા બધા ની જવાબદારી છે કે આપણે લોકો ને અલગ રાખવાવાળી બધી દીવાલો ને તોડવાનું ચાલુ રાખીયે.

મહત્વપૂર્ણ તિથિઓ

મે 17, 1954 - અમેરિકી સુપ્રીમ કોર્ટે ઘોષણા કરી કે ગોરા-કાળા બાળકો માટે અલગ-અલગ સ્કૂલ ગેરબંધારણીય છે.

ગ્રીષ્મ 1957 - બધી કાળા છાત્રો ની સ્કૂલ માં થી સેન્ટ્રલ હાઈ સ્કૂલ માં જવા માટે સત્તર છાત્રો ને પસંદ કરવામાં આવ્યા. ઓગસ્ટ સુધી એ સૂચિ નવ સુધી સીમિત થઈ ગઈ.

2 સપ્ટેમ્બર, 1957 (શ્રમ દિવસ) - ગવર્નર ફોબસે સેન્ટ્રલ

હાઈ ની આસ-પાસ સૈનિકો ગોઠવ્યા.

3 સપ્ટેમ્બર, 1957 - કાળા છાત્રો ને સ્કૂલ ના પહેલા દિવસે ઘરે જ રહેવાનું કહેવામાં આવ્યું.

4 સપ્ટેમ્બર, 1957 - કાળા છાત્રો ને દૂર રાખવામાં આવ્યા

કારણકે એ સેન્ટ્રલ હાઈ માં પ્રવેશ કરવાની કોશિશ કરી રહ્યા હતા.

23 સપ્ટેમ્બર, 1957 - કાળા છાત્રોએ એક બાજુ ના દરવાજા માં થી સેન્ટ્રલ હાઈ માં પ્રવેશ કર્યો, પણ પોલીસ, સુરક્ષા ના ડર થી, એને ઘરે લઈ ગઈ.

24 સપ્ટેમ્બર, 1957 -લિટ્લ રોક માં અમેરિકી સેના ના

સૈનિકો પહોંચ્યા.

25 સપ્ટેમ્બર, 1957 -"લિટ્લ રોક નાઈન" એ અમેરિકી

સૈનિકો સાથે મુખ્ય દરવાજા માં થી સેન્ટ્રલ હાઈ માં

પ્રવેશ કર્યો.

27 મે, 1958 - અર્નેસ્ટ ગ્રીને, સેન્ટ્રલ હાઈ માં થી સ્નાતક ની

પદવી મેળવી.